દાખલ તારીખ :- ૧૦/૦૫/૨૦૨૩
નોંધ્યા તારીખ :- ૧૦/૦૫/૨૦૨૩
ફેંસલ તારીખ :- ૦૩/૦૪/૨૦૨૬
સમયગાળો :-

**મોરબીના મ્હે.ચોથા એડીશ્નલ ચીફ જયુડી.મેજી.સાહેબની કોર્ટમાં.મુ.મોરબી.**

**::ફોર્મ એ::**

**ફોજદારી કેસ નંબર:-૩૬૭૩/૨૦૨૩**
**આંક:-**

**ફરીયાદી :-** **શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાઈ.કું.લી.ના ઓથોરાઈઝડ પર્સન શની કનૈયાલાલ નકુમ,**
**ઠે.શોપ નં.એફ/૧,૨,૩,૪,ફર્સ્ટ ફલોર**
**ઈશાન સીરામીક ઝોન વીંગ-સી,**
**નેશનલ હાઈવે,લાલપર,મોરબી-૨,**
**મો.૯૭૧૨૭ ૯૦૫૦૧**

**-::વિરુધ્ધ::-**

**આરોપી :-** GULAMKHA ABDULKHA KHORAM AT DERALA TA MALIYA MIYANA MORBI

**બાબત :- ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળની ફરીયાદ**

---

ફરીયાદી તરફે :- વિ.વ.શ્રી.વી.જે.લકકડ

આરોપી તરફે :- વિ.વ.શ્રી -

---

## ફોર્મ–બી

| | |
|---|---|
| ફરીયાદ આપ્યાની તારીખ | તા.૧૦/૦૫/૨૦૨૩ |
| ફરીયાદ રજીસ્ટર્ડ કર્યાની તારીખ | તા.૧૦/૦૫/૨૦૨૩ |
| પ્લી લીધાની તારીખ | તા.૧૦/૧૧/૨૦૨૩ |
| પુરાવો શરુ કર્યાની તારીખ | તા.૧૦/૧૧/૨૦૨૩ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | તા.૦૯/૦૩/૨૦૨૬ |
| ચુકાદો જાહેર કર્યાની તારીખ | તા. ૦૩/૦૪/૨૦૨૬ |
| જો સજા કરેલી હોય તો તે તારીખ | તા. ૦૩/૦૪/૨૦૨૬ |

| આરોપીઓ નં. | આરોપીઓનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાર / નિર્દોષ | સજા | સી. આર. પી. સી. ની કલમ : ૪૨૮ માટે કસ્ટડી માં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | GULAMKHA ABDULKHA KHORAM | – | – | ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ. | તકસીરવાર | આખરી હુકમ મુજબ | – – |

## FORM-C

**ફરિયાદ પક્ષે / બચાવ પક્ષે / કોર્ટ તરફે સાહેદ લીસ્ટ**

**એ./ફરિયાદ પક્ષે સાહેદ લીસ્ટ**

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | સની કનૈયાલાલ નકુમની સરતપાસનું સોગંદનામું | ૦૪ |

**ફરિયાદ પક્ષે / બચાવ પક્ષે / કોર્ટ પક્ષે આંક :**

**એ./ ફરિયાદ પક્ષે દસ્તાવેજી લીસ્ટ :**

**–:દસ્તાવેજી પુરાવા:–**

| ક્રમ | લેખીત પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | આર.બી.આઈ.તરફથી આપવામાં આવેલ સર્ટીફીકેટની નલક | ૨૭ |
| ૨. | ફરીયાદીને આપવામાં આવેલ પાવરનામાની નકલ | ૨૮ |
| ૩. | આરોપીના લોન ખાતાના સ્ટેટમેન્ટની નકલ | ૨૯ |
| ૪. | ફરીયાદીને આરોપીએ આપેલ અસલ ચેક | ૩૦ |
| ૫. | બેંન્ક રીર્ટન મેમો | ૩૧ |
| ૬. | આરોપીને આપવામાં આવેલ ડીમાન્ડ નોટીસ | ૩૨ |
| ૭. | આર.પી.એડી.રીસીપ્ટ | ૩૩ |
| ૮. | એકનોલેજમેન્ટ સ્લીપ/પોસ્ટ ખાતાનો ટ્રેક રીપોર્ટ | ૩૪ |
| ૯. | વાહન લોન એપ્લીકેશન ફોર્મ | ૩૫ |
| ૧૦. | વાનની આર.સી.બુક | ૩૬ |
| ૧૧. | આરોપીનું આધારકાર્ડ | ૩૭ |
| ૧૨. | આરોપીનું ચુંટણીકાર્ડ | ૩૮ |

**તારીખ :–** ૦૩/૦૪/૨૦૨૬ **(શ્રીમતિ ચાંદની યુવરાજસિંહ જાડેજા)**

**સ્થળ :–** મોરબી. ચોથા,એડિશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ

મોરબી.

( U.I.C.NO. GJ01345 )

**<u>-::ઠરાવ::-</u>**

૧. ફરીયાદીની ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે,ફરીયાદી કંપની શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ પ્રા.લિ. કંપની એક્ટ ૧૯૫૭ હેઠળ નોંધાયેલ કંપની છે. ફરીયાદીની રજીસ્ટર્ડ ઓફિસ ચેન્નઈ મુકામે આવેલ છે. ભારતીય રીઝર્વ બેંક દ્વારા ફરીયાદીની કંપનીને રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ આપવામાં આવેલ છે. ભારતીય રીઝર્વ બેંક દ્વારા આપવામાં આવેલ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટની નકલ અલગ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ છે.ફરીયાદીની કંપની દ્વારા જુના તથા નવા કોમર્શિયલ વાહનો ઉપર લોન આપવાનું કામકાજ કરવામાં આવે છે અને અનેક જુદી જુદી જગ્યાએ તેની બ્રાન્ચ ઓફિસો આવેલ છે. તે પૈકી બ્રાન્ચ ઓફિસ મોરબી ખાતે ઉપરોક્ત સરનામે આવેલ છે. સદર કંપની તરફથી ફરીયાદીને પાવરનામા દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવા સત્તા અને અધિકાર લખી આપવામાં આવેલ છે. પાવરનામાની ઝેરોક્સ ખરી નકલ અલગ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ છે. ફરીયાદીની કંપનીનું ખાતું સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકમાં આવેલ છે. આ કામના આરોપીએ ફરીયાદીની ફાઈનાન્સ કંપની પાસેથી તા.૩૧/૦૩/૨૦૨૧ ના રોજ એગ્રીમેન્ટ નં. MORBIT103310009 થી રૂ. ૨,૯૦,૦૦૦/-ની મહીન્દ્રા બોલેરો વાહન નં. GJ 12AV 6401 MAHINDRA BOLERO MAXI TRUCK 2012 ઉપર લોન લીધેલ છે અને આરોપીએ ફરીયાદીની કંપની સાથે એગ્રીમેન્ટ કરી આપેલ છે. જે એગ્રીમેન્ટ મુજબ આરોપીએ ફરીયાદીની ફાઈનાન્સ કંપનીને વ્યાજ સહિત કુલ 48 હપ્તામાં લોનની ભરપાઈ કરવાની હતી. આરોપીના લોન ખાતાના સ્ટેટમેન્ટની નકલ અલગ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ છે.સદર ખાતા મુજબ આ કામના આરોપી પાસેથી ફરીયાદીની ફાઈનાન્સ કંપનીની બાકી લેણી રકમ ભરપાઈ કરવા

ફરીયાદીએ વારંવાર જણાવ્યું હતું. ત્યારબાદ આ કામના આરોપીએ ફરીયાદીની કંપનીને બાકી રહેતી લોનની રકમ, ચડત વ્યાજ તથા એરીયર્સની રકમ પેટે પોતાના STATE BANK OF INDIA SARVAD MAIN ROAD TAL MALIYA MIYANA MORBI ખાતાનો ચેક નં. 86948 તારીખ ૧૬/૦૩/૨૦૨૩ રૂ. ૨,૭૫,૯૨૮/-નો ફરીયાદીની કંપનીના નામે લખી આપેલ હતો. ચેક આપતી વખતે આરોપીએ ફરીયાદીને વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદર ચેક બેંકમાં જમા કરવાથી તેની રકમ મળી જશે.ત્યારબાદ આરોપીએ સદર ચેક વટાવવા સૂચના આપતા ફરીયાદીએ પોતાની ફાઈનાન્સ કંપનીના સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક, મોરબી શાખાના ખાતામાં કલીયરિંગ માટે રજુ કરેલ, પરંતુ સદર ચેક તા.૨૦/૦૩/૨૦૨૩ ના રોજ " FUND INSUFFICIENT" ના શેરા સાથે પરત ફરેલ હતો. અસલ ચેક તથા અસલ કમ્પ્યુટરાઈઝ રિટર્ન મેમો અલગ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ છે.સદર ચેક પરત ફર્યાની જાણ ફરીયાદીએ આરોપીને કરી હતી, તેમ છતાં આરોપી દ્વારા કોઈ સંતોષકારક જવાબ આપવામાં આવેલ નથી. તેથી ફરીયાદીએ પોતાના વકીલશ્રી મારફતે તા.૨૫/૦૩/૨૦૨૩ ના રોજ આરોપીને રજી. એ.ડી. દ્વારા લીગલ નોટીસ પાઠવેલ હતી. સદર નોટીસ તા.૨૮/૦૩/૨૦૨૩ ના રોજ આરોપીને બજી ગયેલ છે.જે લીગલ નોટીસની નકલ તથા અસલ રજી.એ.ડી. કર્યાની મની રસીદ તથા પોસ્ટ વિભાગના ટ્રેક રિપોર્ટની નેટકોપી અલગ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ છે. તેમ છતાં ૧૫ દિવસની અંદર આરોપીએ રકમ ચૂકવેલ નથી તથા નોટીસનો જવાબ આપેલ નથી, જેથી આ ફરીયાદ કરવાની કારણભૂત પરિસ્થિતિ ઉભી થયેલ છે.

૨. ફરીયાદ રજુ કરતાં ફોજદારી કાર્યરીતિ સંહિતા:૧૯૭૩(કે જેને સરળતા ખાતર આ ઠરાવમાં હવે પછી ''**સંહિતા**'' તરીકે સંબોધવામાં આવ્યા છે) ની કલમ:૨૦૦ અન્વયે ફરીયાદીનું સોગંદ ઉપરના વેરીફીકેશન ધ્યાને લઈ,ત્યારબાદ સી આર પી સી,૧૯૭૩ કલમ:૨૦૪ અન્વયે આરોપી સામે સમન્સ કાઢવામાં આવેલ. જેની ધોરણસરની બજવણી થતાં આરોપી પોતાના વિ.વકીલશ્રી મારફતે હાજર થયેલ. ફરીયાદની તથા દસ્તાવેજોની નકલો આપવામાં આવેલ. ત્યારબાદ ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ: ૨૫૧ મુજબ આંક ૧૨ થી પ્લી નોંધવામાં આવેલ છે. આરોપીએ ગુન્હો કબુલ કરવાનો ઈન્કાર કરેલ હોવાથી હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે.

૩. ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં ફોર્મે સી મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

૪. ત્યારબાદ ફરીયાદ પક્ષે પુરાવો બંધ થયાની ઉપરોકત આંક–૩૯ વાળી પુરસીસ આપતા સદર કામ આરોપીના એફ.એસ.માટે રાખવામા આવેલ. આ કામના આરોપીનુ ક્રીમી.પ્રો.કોડની કલમ ૩૧૩ અન્વયેનું વિગતવારનુ ફરધર સ્ટેટમેન્ટ નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ ખોટો પુરાવો ઉભો કરેલો છે તેવો બચાવ લીધેલો છે.

હાલના કામે ફરીયાદી તરફે વિ.વ.શ્રીની મૌખિક વિગતવારની દલીલો સાંભળી.ફરીયાદીના વિ.વ.શ્રીએ નામદાર સર્વોચ્ચ અદાલતના નીચે મુજબના ચુકાદા પર આધાર રાખેલ છે.

In case of M/S Kalamani Tex vs P. Balasubramanian AIR ONLINE 2021 SC 82 The Hon'ble Supreme Court Of India Held That:- Para 20. As regard to the claim of compensation raised on behalf of the respondent, we are conscious of the settled principles that the object of Chapter XVII of the NIA is not only punitive but also compensatory and restitutive. The provisions of NIA envision a single window for criminal liability for dishonour of cheque as well as civil liability for realisation of the cheque amount. It is also well settled that there needs to be a consistent approach towards awarding compensation and unless there exist special circumstances, the Courts should uniformly levy fine up to twice the cheque amount along with simple interest at the rate of 9% per annum, R. Vijian v. Baby, (2012) 1 SCC 260.

હાલના કામે આરોપી ગેરહાજર રહેતા તેમના તરફે કોઈ દલીલ નથી.

**પ.** આ અંગે કેસ નું રેકર્ડ તથા પડેલ પુરાવો ધ્યાને લેતા નીચેના મુદા ઉપસ્થીત થાય છે.

**-:: મુદા ::-**

**૧.**શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ની કલમ ૧૩૮ મુજબનો સજા તથા દંડને પાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.**શું હુકમ ?

**૬.**ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

**:૧: હકારમાં**

**:૨: આખરી હુકમ મુજબ.**

**–:: નિર્ણયના કારણો ::–**

મુદા નં. ૧ ની ચર્ચા ::

**૭.** ઉપરોકત મુદા નંબર ૧ ના નિર્ણયો માટેના મારા કારણો ની ચર્ચા નીચે મુજબ કરવામા આવેલ છે:–

સદરહું કામે પુરાવાની ચર્ચા કરતા પહેલા નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટન કલમ–૧૩૮ મુજબના તત્વો ઘ્યાને લેવા જરુરી છે. જે તત્વો નીચે મુજબ છે.

નં.૧ :–ચેક કાયદેસરના લેણાં કે કાયદેસરની જવાબદારીના ભાગ પેટે આરોપી ઘ્વારા આપવામા આવેલ હતો.

નં.૨ :– ફરીયાદીને આરોપીની સામે કાયદેસર રીતે વસુલ કરી શકે તેવું લેણું હતું.

નં.૩ :–ફરીયાદવાળો ચેક અપુરતા ભંડોળ/એકાઉન્ટ કલોઝડના શેરા સાથે પરત ફરેલ.

નં.૪:–આરોપીને ચેકની રકમ માંગતી નોટીસ આપવામાં આવેલ અને નોટીસ મળી ગયા છતાં તેણે ચેકની રકમ ચુકવી આપેલ ન હોય.

૮. આમ,ઉપરોકત મુજબના ચારેય તત્વો સંતોષવામાં આવે તો,કલમ–૧૩૮ નેગોશીયેલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ નીચેની કાર્યવાહી સંપુર્ણ કહેવાય. આમ, આ તત્વો ઘ્યાને લઈ હાલના કામમાં દસ્તાવેજી તથા મૌખિક

પુરાવા ધ્યાને લેવામાં આવે તો, આ કામે ફરિયાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાની ચર્ચા કરીએ તો ફરિયાદી તરફે આંક–૩૦ થી રજુ થયેલ તકરારી ચેક જોતા તેમાં–તા.૧૬/૦૩/૨૦૨૩ લખેલ છે તથા આંક–૩૧ થી રજુ થયેલ રીર્ટન મેમો જોતા તેમા તા.૨૦/૦૩/૨૦૨૩ ની દર્શાવેલ છે. આમ એન.આઈ.એકટની કલમ–૧૩૮(એ)ના પ્રોવીઝોમાં જણાવેલ છ મહિનાની સમય મર્યાદામાં ફરિયાદીએ તકરારી ચેક કલીયરીગ માટે રજુ કરેલ છે જે જોતાં કલમ–૧૩૮ (એ) પ્રોવીઝોની જોગવાઈનું પાલન થયેલ છે તે હકીકત સાબીત થાય છે. વધુમા આંક –૩૧ ના રીટર્ન મેમા ધ્યાને લેતા ઉપરોકત ચેક' FUNDS INSUFFICIENT" ના શેરા સાથે પરત ફરેલ છે તે સાબીત થાય છે. જે સંદર્ભે જયારે આંક–૩૨ થી રજુ થયેલ ડીમાન્ડ નોટીસ જોતા તે નોટીશ તા.૨૫/૦૩/૨૦૨૩ ના રોજ મોકલાવેલ છે તથા આંક–૩૩ થી રજુ પોસ્ટની સ્લીપ ધ્યાને લેતા પણ નોટીસ તા. ૨૫/૦૩/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ છે. આમ ચેક પરત ફર્યાની જાણ થયા તારીખથી એક મહિનાની અંદર નોટીસ આપવી જોઈએ તેવી એન.આઈ.એકટની કલમ–૧૩૮(બી)ના પ્રોવીઝોમાં જણાવેલ જોગવાઈ મુજબ નોટીસ સમય મર્યાદામાં ઈસ્યુ કરવામાં આવેલ છે તે હકીકત સાબીત થાય છે. હાલના કામે આરોપીએ તેમના એફ.એસ.મા એવો બચાવ લીધેલો છે કે તેઓને જાત માહીતી નથી. વધુમાં આંક–૩૪ થી રજુ પોસ્ટ ઓફીસનો ટ્રેક રીપોર્ટ ધ્યાને લેતા આ નોટીસ તા.૨૮/૦૩/૨૦૨૩ ના રોજ બજી ગયેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં આંક–૩૨ ની નોટીસમાં

આરોપીનું સરનામુ તથા હાલની ફરીયાદમાં આરોપીનું સરનામુ એક જ છે, આમ આરોપીને જે સરનામે નોટીસ ઈશ્યુ કરવામા આવેલ તે જ સરનામે આરોપીને હાલના કેસનો સમન્સ બજેલો છે અને સમન્સ બજવણી બાદ આરોપી અત્રેની કોર્ટમાં હાજર થયેલ છે.આમ આરોપીના સાચા સરનામે ફરીયાદીએ નોટીસ મોકલેલી હોય અને તેની બજવણી થયેલી હોય જેથી ઉપરોકત હકીકતે ફરીયાદીએ આરોપીને ફરીયાદમાં જણાવેલ સરનામે વટાઉ ખત અધિનિયમ ૧૮૮૧ ની કલમ નં. ૧૩૮ (બી) હેઠળની સ્ટેચ્યુટરી નોટીસ બજાવેલ છે તે હકીકત સ્પષ્ટપણે સાબીત થાય છે. હાલની ફરિયાદ તા.૧૦/૦૫/૨૦૨૩ ના રોજ ફરીયાદ રજીસ્ટરે લેવામાં આવેલ છે. આમ ફરિયાદ દાખલ કરતા અગાઉ કાયદાકીય જોગવાઈનુ ફરિયાદપક્ષે પાલન કરેલ છે અને ફરીયાદ સમયસર દાખલ કરેલ હોવાનુ પુરવાર થાય છે.આમ,આ તમામ પુરાવા ધ્યાને લેતા, ફરીયાદીએ પોતાની ફરીયાદ અંગેની પ્રાથમીક સ્ટેચ્યુટરી જોગવાઈઓનું પાલન કરેલ છે તે સાબીત થાય છે.

૯.હાલના કેસમાં મુદ્દાના નિર્ણય કરતાં પહેલાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ મુજબની ધારણા ધ્યાને લેવી જરુરી છે.

Section:-118 Presumptions as to negotiable instruments.

Until the contrary is proved, the following presumptions shall be made:

—(a) of consideration —that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(b) as to date —that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) as to time of acceptance —that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) as to time of transfer —that every transfer of a negotiable instrument was made before its maturity;

આમ, વટાઉ ખત અધિનિયમની કલમ–૧૧૮ ધ્યાને લેતાં જયાં સુધી વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી વટાઉ ખતના અવેજ વિશે, તારીખ વિશે, સ્વીકારવાના સમય વિશે, તબદલીના સમય વિશે, શેરાઓના ક્રમ વિશે, સ્ટેમ્પ વિશે અને ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે માની લેવામાં આવશે આમ, કલમ–૧૧૮ ધ્યાને લેતાં કલમ–૧૧૮ માં જણાવેલ અનુમાનો ખં ડનાત્મક અનુમાન છે અને તેનું ખંડન કરવાની જવાબદારી વટાઉ ખત લખી આપનાર ઉપર છે.

Section:-139. Presumption in favour of holder.— It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.

આમ, વટાઉ ખત અધિનિયમની કલમ–૧૩૯ ધ્યાને લેતા જયાં સુધી વિરૂધ્ધનું સાબિત થાય તે સિવાય એવું માની લેવામાં

આવશે કે ચેકના ધારકને સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કલમ–૧૩૮ માં ઉલ્લેખેલ પ્રકારનો ચેક મળ્યો છે. આમ, કલમ–૧૩૯ મુજબ ફરીયાદવાળો ચેક કોઈ દેવા કે જવાબદારી પેટે આરોપીને આપેલ નથી તે હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપી ઉપર છે. ઉપર ચર્ચા કરી તે મુજબ કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ બંને અનુમાનોની ધારણા કરવાની હોય છે. પરંતુ, ઉપરોકત ધારણાઓનું ખંડન આરોપીઓ કરી શકે છે. આમ, આરોપી પોતાનો બચાવ પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબેલીટીથી પુરવાર કરી શકે. આરોપીઓ તરફે તે અનુમાનોનું ખંડન થયેથી ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવો જોઈએ.

**૧૦.** હાલના કામે ફરીયાદીએ આંક–૧ ની હકીકતને સમર્થનકારી સોગંદ પરનો પુરાવો આંક–૨૬ થી પુરાવો આપેલ છે.હાલના કામે ફરીયાદીએ તેમના મૌખિક પુરાવામા આંક–૨૭ થી ૩૮ સુધીના દસ્તાવેજી પુરાવાને સમર્થન આપેલ છે. વધુમા ફરીયાદવાળા વ્યવહાર અંગેના આંક–૨૭ થી ૩૮ સુધીના પુરાવા ધ્યાને લેતા પણ ફરીયાદવાળા વ્યવહારને સમર્થન મળે છે. આમ, આંક–૨૭ થી ૩૮ સુધીના પુરાવા ધ્યાને લેતા ફરીયાદી તરફે ફરીયાદવાળા વ્યવહારની હકીકત સાબીત કરેલ છે. હાલના કામે આરોપી પક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરવા માટે પુરતો સમય આપેલો હોવા છતા તેઓ તરફે ફરીયાદીની ઉલટ તપાસ કરેલી નથી જેથી આરોપીનો ફરીયાદીની ઉલટ તપાસ કરવાનો હકક બંધ કરવાનો હુકમ કરેલ છે.

**૧૧.** હાલના કામે આરોપી તરફે ફરીયાદીની કોઈ ઉલ્ટ તપાસ કરેલ નથી. આમ ફરીયાદીના રજુ પુરાવા પરથી આંક–૩૦ ના ચેકમાં આરોપીની સહી છે તે હકીકત સાબીત થાય છે. જેથી ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ–૧૧૮ અને ૧૩૯ ની જોગવાઈ મુજબ જયાં સુધી વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવુ અનુમાન ફરીયાદીની તરફેણમાં થવા પાત્ર છે કે આંક–૩૦ નો ચેક આરોપી દ્વારા કાયદેસરના દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલ છે. પરંતુ ઉપર ચર્ચા કર્યા મુજબ હાલના કામે આરોપી તરફે ફરીયાદીની કોઈ ઉલટ તપાસ કરેલ નથી,જેથી આરોપી નેગો ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ના અનુમાન નું ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ છે.

હાલના કામે આ કામના આરોપી તરફેની બેદરકારીના કારણે ફરીયાદીનો ઉલટ તપાસનો હકક બંધ કરેલ છે. આજરોજ પણ આરોપી હાજર રહેલ નથી.આમ આજરોજ આરોપીની ગેરહાજરીમાં ચુકાદો આપતા પહેલા નામદાર ગુજરાત હાઈકોર્ટનો નીચે મુજબનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી છે.

In case of Manoj Vasudev Sompura vs. State of Gujarat, R/SPECIAL CRIMINAL APPLICATION NO. 6721 of 2023, JUDGMENT DATED: 15/09/2023 The Hon'ble Gujarat High Court held that :-

" 14. Considering the facts and circumstances of

the case, this Court is of the opinion that the trial Court was completely justified in passing the impugned judgment and order. The decision to not conduct cross-examination of the complainant in spite of repeated opportunities and to not remain present on the next date of trial when his Further Statement u/s 313 of Cr.P.C. recorded on the earlier date was to be exhibited was a deliberate, intentional and conscious decision on the part of the petitioner. It was not that the petitioner was not aware about the stage of trial proceedings. However, deliberately, the petitioner had chosen to remain absent from the trial proceedings from the date his Further Statement u/s 313 of Cr.P.C. was recorded but before it could be exhibited.

15. The above set of circumstances could not be classified as a 'contingency' warranting exercise of writ jurisdiction or the inherent powers u/s. 482 of Cr.P.C. when an effective alternative remedy of filing appeal is available to the petitioner. The petitioner has the effective remedy of filing statutory appeal u/s. 148 of the N.I. Act against the impugned judgment and order of conviction and sentence. None of the decisions relied upon by learned advocate for the petitioner, undefined though being good law, would be of any assistance to the petitioner in the facts and circumstances of this case. Hence, the petition, being devoid of merits, deserves to be rejected.

16. For the foregoing reasons, the petition is dismissed."

ઉપરોકત Manoj (Supra) ના ચુકાદામાં ટ્રાયલ કોર્ટે આરોપીની ગેરહાજરીના કારણે તેમનો ઉલટનો હકક બંધ કરી જજમેન્ટ આપેલ હતુ જે કામે નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, આરોપીને ઉલટ તપાસ કરવા માટે પુરતી તક આપેલ હોવા છતા તે કેસ પ્રોસીડીંગ્સ વિશે માહીતગાર હોવા છતા જાણી જોઈને ગેરહાજર રહે તો ટ્રાયલ કોર્ટે આપેલ હુકમ વ્યાજબી છે.આમ હાલના કામે પણ આરોપીની પ્લી તથા એફ.એસ. રેકર્ડ થયા પછી આરોપી તરફે ફરીયાદીની ઉલટ તપાસ કરવામા વીલંબ કરેલ છે જેથી તેમની બેદરકારીના કારણે ફરીયાદીની ઉલટ તપાસનો હકક બંધ કરવામા આવેલ છે. આમ હાલના કામે આરોપી તરફે ફરીયાદીની કોઈ ઉલટ તપાસ કરેલ નથી, જેથી નેગો ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮ અને કલમ-૧૩૯ ના અનુમાન નું ખંડન કરવામાં આરોપી નિષ્ફળ ગયેલ છે. જેથી, મુદા નં. ૧ નો જવાબ હકારમાં આપી મુદા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

૧. આરોપી GULAMKHA ABDULKHA KHORAM AT DERALA TA MALIYA MIYANA MORBI નાઓને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ:૧૩૮ ના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમ:૨૫૫(૨)તથા ૩૫૩ અન્વયે આરોપીને ૧ વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૨. આરોપીએ ફરીયાદીને ફોજદારી કાર્યવાહીના કાયદા,૧૯૭૩ની કલમ:૩૫૭(૧)મુજબ વિવાદીત ચેકની રકમ રૂા.૨,૭૫,૯૨૮ /-(અંકે રૂપિયા બે લાખ પીચોતેર હજાર નવ સો અઠાવીસ પુરા)ની ડબલ રકમ કુલ રૂા.૫૫૫૬૧૮/ -(અંકે રૂપિયા પાંચ લાખ પચાવન હજાર છ સો અઠાર પુરા) ફરીયાદ તારીખથી વાર્ષીક ૯%ના વ્યાજે સી.આર.પી.સી.કલમ-૩૫૭ મુજબ વળતર પેટે ફરીયાદીને ચુકવવાનો હુકમ કરવમા આવે છે. જો આરોપી વળતરની રકમ ભરવામાં કસુર કરે તો વધુ ૯૦ (નેવું) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપી આજરોજ હાજર રહેલા ન હોય,જેથી આરોપી વિરૂધ્ધ વોરંટ ઈસ્યુ કરવું અને આરોપી હાજર થયેથી સજા વોરંટની અમલવારી કરવી.

૪. આરોપી હાજર થયેથી અથવા હાજર કરવામાં આવ્યેથી હુકમની એક નકલ આરોપીને ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમ:૩૬૩ અન્વયે વિનામુલ્યે પુરી પાડવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી

કરી જાહેર કર્યો.

**તારીખ:** ૦૩/૦૪/૨૦૨૬ **(શ્રીમતિ ચાંદની યુવરાજસિંહ જાડેજા)**
**સ્થળ :–** મોરબી. ચોથા,એડિશ્નલ ચીફ જ્યુડીશીયલ
મેજીસ્ટ્રેટ મોરબી.
( U.I.C.NO. GJ01345 )

***//DIPAKKUMAR//***